# <u>ઠાકોર ક્ષત્રિય  વિષે</u>

ઠાકોર શબ્દ વિષે વિવેચકોએ જુદા જુદા અર્થો કર્યા છે.  વાસ્તવમાં ઠાકોર એ પૃથ્વી ઉપરની કોઇ કોમની અટક નથી.પણ  ઠાકોર એ ક્ષત્રિય સમાજનો એક સમુહ છે.જેનો અર્થ છે- ઈશ્વર , જમીનનો માલિક , ઠાકુર, પ્રદેશનો અધિપતિ , માલિક , સ્વામી , સરદાર , નાયક , અધિષ્ઠાતા , ગામધણી , ગરાસિયો , તાલુકદાર, નાનો રાજા , લડાયક જાતિની પ્રજા સાઠોદરા  નાગર , રજપુત , અને ક્ષત્રિય સમાજનો  એ નામનો ગુજરાત પ્રદેશમાં વસતો એક વિશાળ ક્ષત્રિય સમાજ . ખાસ કરીને ગુજરાત પ્રદેશમાં વસતી મુળનિવાસી અને પ્રાચિન એવો ભારતીય ક્ષત્રિયોનો એક બહુવિધ અટકો ધરાવતો સમુહ છે. ક્ષત્રિયોના આ સમુહોમાં કોઇ ઉત્તર ગુજરાતમાં ઠાકોર કે દરબાર  તરીકે ,મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં દરબાર કે રજપુત કે પાટણવાડીયા  કે બારૈયા તરીકે અને સૌરાષ્ઠમાં ચુવાળિયા ઠાકોર કે બારૈયા તરીકે ઓળખાય છે.  આ બહુવિધ **<u>ક્ષત્રિય</u>** સમુહો વિવિધ અટકો પણ ધરાવે છે. જેમકે પરમાર, સોઢાપરમાર, સોલંકી,ચૌહાણ, ડાભી, રાઠોડ, પઢિયાર, ઝાલા,મકવાણા,વાઘેલા, ચાવડા,જાદવ, ભાટી,માલીવાડ,ગોહીલ કે ગોહેલ  વિગેરે .આ ઉપરાંત કેટલાક  ઠાકોરો તેમના મુળ ગામના નામથી કે તેમના સાહસિક પુર્વજોના નામ કે ફરજના હોદ્દાઓના નામથી પણ ઓળખાય છે. દા.ત.પગી કે કોટવાળ અને સામંત વિગેરે . આ તમામ સમુહો કે અટકો ધરાવતા ક્ષત્રિયો પ્રાચિન ભારતના ક્ષત્રિયો છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં મેર અને કાઠી રજપુતો તેમજ કારડીયા રજપુતો આ ક્ષત્રિય સમાજને મળતા આવતા ક્ષત્રિય સમાજો છે.

'''''ઠાકોર''' મુળ [[ક્ષત્રિય]] સમાજનો એક ભાગ છે. તે ક્ષત્રિય રજપુતની જાતીનો એક વર્ગ છે. [[ગુજરાત]]માં વસતી આ કોમ (વંશ- પરમાર, ચૌહાણ, સોલંકી, ચાવડા, રાઠોડ, મકવાણા, ઝાલા, વાઘેલા , પઢિયાર , ડાભી , જાદવ, ભાટી,માલીવાડ વગેરે) ઠાકોરો તરીકે ઓળખાય છે. આ કોમ તેના લડાયક મિજાજ માટે ગુજરાત ભરમાં પ્રખ્યાત છે. જ્યારે મધ્ય ગુજરાત કે [[સૌરાષ્ટ્ર]]માં વસતા ઠાકોરો બારૈયા કે પાટણવાડીયા અથવા તો ધારાળા તરીકે ઓળખાય છે. આ સિવાય સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં મેર અને વાળા કે કારડિયા રજ્પુત ની જાતિઓ કે જે પછાત વર્ગના ક્ષત્રિયો તરીકે ગણી શકાય. આ ઉપરાંત કેટલાક ઠાકોરો તેમના મુળ ગામના નામથી કે તેમના સાહસિક પુર્વજોના નામ કે ફરજના હોદ્દાઓના નામથી પણ ઓળખાય છે. દા.ત.પગી કે કોટવાળ અને સામંત વિગેરે .

**આ તમામ સમુહો કે અટકો ધરાવતા ક્ષત્રિયો પ્રાચિન ભારતના ક્ષત્રિયો છે.** સમાજિક શૈક્ષણિક અને આર્થિક રીતે પછાતવર્ગના આ ક્ષત્રિયો મુળ નિવાસી ભારતીય ક્ષત્રિયો છે. કારણ કે બ્રિટિશ, મુસ્લિમ, મલેચ્છો તેમજ શકો અને હુણો તેમજ પરદેશી ગુરજરો અમલ શરુ થયો તે પહેલાં આ ક્ષત્રિયોના પુર્વજો નાની મોટી ઠકરાતો ધરાવતા હતા. અને બીજા કેટલાક રાજા –રજવાદડાઓમાં લશ્કરમાં સૈનિક કે સેનાપતી તરીકે  કામ કરતા હતા .તેમજ કેટલાક રાજાના દરબારમાં , સામંત કે જમીનદાર અથવા ઠાકુર કે ઠાકોર  અને ગરાસિયા

તેમજ તાલુકદાર તરીકે ફરજ બજાવતા હતા. પરદેશીઓનુ રાજ્ય વિસ્તરવા લાગ્યું તેમ તેમ રાજા રજવાડાઓ વિલિન થતા ગયા. આમાંના કેટલાકે પરદેશીઓની આધીનતા સ્વીકારી.કેટલાક પરદેશી આક્રમણકારોની સામે રણે ચઢ્યા અને યુદ્ધમાં ખપી ગયા.ઉપરાંત સમયે પણ ભારત વર્ષના તમામ ક્ષત્રિયોની એકતા ન હોવાના કારણે, એ સમયના કેટલાક શાસકોએ આ ક્ષત્રિયોને પરાસ્ત કરીને તેઓની જમીનો, માલ મિલ્કત વિગેરે પડાવી લીધુ. અને આથી આમ આ સમગ્ર કોમ નિરાધાર થવા લાગી. ધીમે ધીમે આ લડાયક , સ્વમાની ત્યાગની ભાવના ધરાવતી કોમ ખેતીન ધન્ધા તરફ વળી. રાજા રજવાડા ના લશ્કરમાં વર્ષો સુધી પોતાના પરીવારની પરવા કર્યા વિના કામ કરવાને કારણે આ કોમ પોતાને એક શૂરવીર યોદ્ધા તરીકે ઓળખાવી શકી પણ પોતાની જાતિને કે સંતાનોને સાક્ષર બનાવી શકી નહી. તેમજ વર્ષો સુધી આ કોમ એક શૂરવીર તરીકે બીજાઓના રક્ષણ માટે પોતાના બલિદાનો આપી દીધા .પણ પણ પોતાના ત્યાગની અને સમર્પણની ભાવનાને આ સમગ્ર કોમ પછાત અને અભણ રહી ગઈ. પોતાની ઓછી જમીન, સાધન સામગ્રીનો અભાવ, અજ્ઞાન, વ્યસન અને ખોટા ખર્ચાઓ તેમજ કુરીવાજોને કારણે આર્થિક તથા સામાજિક રીતે ધસાતી ગઈ.

શેઠશાહુકારો અને જમીનદારના દેવામાં ડૂબી ગઈ. સ્વભાવે સાહસિક અને લડાયક એવી આ ક્ષત્રિય જાતિ અગાઉ પ્રતિષ્ઠા,માન અને આદર ધરાવતી હતી. તેથી આ સમગ્ર જાતિ ઉપર આવી પડેલી કરુણ પરિસ્થિતિમાં તેમાંના કેટલાક સ્વમાની લોકો ઝનૂને ચડ્યા અને બહારવટે નિકળ્યા. પ્રામાણિક, મહેનતુ અને ખમીરવંતી તેમજ સ્વમાનીઆ પ્રજા ઉપર જુલમ બીન ક્ષત્રિય હોય તેવા શાસકો, ઇતિહાસકારો અને પોતાને મોટા દેખાવાનો આડંબર કરતા પોતાના જ બન્ધુઓએ કર્યો. મોગલ સામ્રાજ્ય તેમજ અંગ્રેજો કે બીન ક્ષત્રિય ઇતિહાસકારો તેમજ એ અગાઉ સમયમાં શાસન કરતા શાસકો એ પોતાની સત્તાનો ઉપયોગ કરી આ સમગ્ર પ્રજાને જુદા જુદા સમુહોમાં વિભાજીત કરીને જુદી જુદી અટકો તેમજ નામ તેમજ ઉપ નામ આપ્યા અને ગુલામ પણ બાનાવ્યા . કારણ કે તે વખતે આ સમગ્ર કોમ પોતાની અજ્ઞાનતાના કારણે પોતાના વંશ કે કુળને આગળ ધરી ઉંચ નીચના ભેદભાવમાં માહલતી હતી. પ્રામાણિક, મહેનતુ અને ખમીરવંતી આ પ્રજા પરદેશી તેમજ અંગ્રેજ લેખકોએ કે બીન ક્ષત્રિય હોય તેવા ઇતિહાસકરોએ જુદા જુદા નામથી સંબોધવા લાગી. જેમાં આ ઇતિહાસકરોએ સમગ્ર કોમ ને રજપુત, ઠાકોર, બારૈયા,પાટણવાડીયા, ધારાળા કે કોળી ઠાકોર કે પગી તરીકે ઉપમા આપી. આમ આ ક્ષત્રિય જાતિને ઇતિહાસકારોએ નીચી બતાવવાની ચેષ્ઠા કરી છે. જે વિષે આ સમગ્ર ક્ષત્રિય જાતિના સમુહો હજુ સુધી અજાણ છે. કારણ કે પરદેશી આક્રમણકારો એ પણ જાણતા હતા કે જો આ સમગ્ર ક્ષત્રિય સમાજ જ્યાં સુધી એક રહેશે ત્યાં સુધી પોતે રાજ્ય કરી શકશે નહી.આમ આ સમગ્ર ક્ષત્રિય સમાજની એકતાના અભાવનો લાભ ઉઠાવી કોઇક ને ઉંચા તો કોઇક ને નીચા બતાવી સમગ્ર ક્ષત્રિય જાતિને અનેક વાડાઓ કે અનેક સમુહો કે પછી અનેક પ્રકારની અટકોમાં વિભાજીત કરી નાખ્યા જેથી જુદા જુદા વિસ્તારોમાં આ સમગ્ર ક્ષત્રિય જાતિ અલગ અલગ સમુહોના નામથી ઓળખાય છે.

પરંતુ વાસ્તવમાં આ સમગ્ર જાતિ એ આગળ કહી ગયા તેમ સ્વભાવે સાહસિક અને લડાયક એવી આ ક્ષત્રિય જાતિ અગાઉ પ્રતિષ્ઠા અને આદર ધરાવતી હતી. તે પોતાના સામાજીક શૈક્ષણિક અને આર્થિક પછાતપણાને કારણે વિસરી ગઈ છે. આ- પછાતવર્ગના આ ક્ષત્રિય ઠાકોર કે પછાત ક્ષત્રિયો . કે જેઓ સમગ્ર ભારતમાં ઉપર જણાવ્યા મુજબ જુદા જુદા નામોથી ઓળખાય છે. અને ગુજરાતમાં આ સમગ્ર ક્ષત્રિય રજપુત જાતિ , કોઇ ઉત્તર ગુજરાતમાં ઠાકોર કે દરબાર તરીકે ,મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં રજપુત ,પાટણવાડીયા કે બારૈયા તરીકે અને સૌરાષ્ઠમાં ચુવાળિયા ઠાકોર કે બારૈયા તરીકે ઓળખાય છે. આ બહુવિધ ક્ષત્રિય સમુહો વિવિધ અટકો પણ ધરાવે છે. જેમકે પરમાર, સોઢાપરમાર, સોલંકી,ચૌહાણ, ડાભી, રાઠોડ, પઢિયાર, ઝાલા,મકવાણા,વાઘેલા ,ચાવડા,ગોહેલ,ભાટી,માળીવાડ વિગેરે. ઠાકોર ક્ષત્રિય પણ હોઇ શકે અને ક્ષત્રિય કે રજપુત ઠાકોર પણ હોઇ શકે. રાજપૂત બ્રાહ્મણ પણ હોઈ શકે , રાજપૂત મુશ્લીમ પણ હોઇ શકે .તેમજ રાજપૂત ભીલ(આદીજાતિ ક્ષત્રિયો) પણ હોઇ શકે અને રાજપૂત ક્રિશ્ચિયન પણ હોઇ શકે . પરંતુ બ્રાહ્મણ , મુશ્લિમ કે ક્રિશ્ચિયન ક્ષત્રિય ના હોઇ શકે. ફકત રાજપૂત કે ઠાકોર જ ક્ષત્રિય હોઇ શકે.

## <u>ઉત્પત્તિનાં સિદ્ધાન્ત</u>

શરૂઆતમાં જાતિપ્રથા ખુબજ પરિવર્તનક્ષમ હતી અને તે વ્યક્તિગત પ્રાથમિકતા પર આધારીત હતી. પુરાતત્વ,સાહિત્ય અને કલાને લગતા પુરાવાઓને આધારે, ઇતિહાસકારો સામાન્ય રીતે સહમત છે કે બૌદ્ધ અને જૈન મતનાં ઉદય સમય આસપાસ ભારતમાં જાતિપ્રથા વારસાગત બની. ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામી એ બે ક્ષત્રિય મહાપુરૂષોનો જગત પર ઉંડો પ્રભાવ પડેલ છે. જેઓ વેદનાં પ્રભુત્વમાં આસ્થા ધરાવતા નહીં અને લોકોને ઉપદેશ્યા કે આધ્યાત્મિકતા એ ફક્ત થોડા ચુનંદા લોકોનોજ અધિકાર નથી. ઘણા પ્રાચિન શાસકો,જેમકે અશોક મોર્ય વગેરે આ માન્યતાનાં ઉત્સાહી અનુયાયીઓ હતા અને તેમણે સમગ્ર મોર્ય સામ્રાજ્યમાં તેનો પ્રસાર કર્યો.આને કારણે બ્રાહ્મણોનાં મોભામાં થોડી ઓટ આવી. પુરોહિતો તમામ ત્રણે માન્યતાઓનાં નોંધણીકારો હતા અને હવે પછીનાં ઉદાહરણમાં જોવા મળશે તેમ ત્યારે ચોક્કસપણે એવો રીવાજ હતો કે જે રાજા વૈદિકબોધમાં ન માનતો હોય અને પુરોહિતોનાં આદેશને મહત્વનાં ન ગણતો હોય તેમને શૂદ્રવર્ણનો ગણાવાતો, અને તે પોતાનો ક્ષત્રિય મોભો ખોઇ બેસતો.

આમ આ પછાત જાતિના ક્ષત્રિયોએ આ રીતે પોતાનો મોભો ખોઇ બેઠા છે.આમ વીતેલા જમાનાના આ યોદ્ધાઓ અને શાસકોએ પોતાનું સ્વત્વ ખોઈ દીધું હતું અને ભારતીય સમાજના નિમ્ન સ્તરે સ્થિર થયા હતા. પહેલાં એમને ક્ષત્રિય માનવામાં આવ્યા હતા, પણ શ્લોક (Manusmruti) કહે છે તે પ્રમાણે તે પછી બ્રાહ્મણોએ એમને નીચે ઉતારી મૂક્યા. મનુસ્મૃતિના આધારે ઉચ્ચ વર્ણો પોતાનું ગુનાઇત શાસન ચલાવતા રહ્યા અને પોતાની હવસખોરીની બધી મઝા લૂંટતા રહ્યા અને તે સાથે એ કૃત્યોની નિષ્પત્તિ, એટલે કે સંતતિ, જાણે એમના કરતાં પણ વધારે પતિત હોય એમ નવી જાતિઓ બનાવતા રહ્યા અને એમને મોતથીયે બદતર જીવનમાં ધકેલતા રહ્યા.

મનુસ્મૃતિ મુજબ વર્ણ વ્યવસ્થાએ સમાજને બંધિયાર બનાવી દીધો હતો. જડબેસલાખ સમાજમાં કશું તસુમાત્ર પણ ખસી શકતું નહોતું, જેના કારણે બાર જેટલી જાતિઓ ક્ષત્રિયમાંથી પછાત વર્ગના દરજ્જામાં આવી ગઈ હતી! આમ કેમ બન્યું? સમાજના વિકાસનો માપદંડ એની આર્થિક પ્રવૃત્તિમાં આવેલી વિવિધતા છે. દેખીતી રીતે ક્ષત્રિયોનાં કાર્યોનો પ્રભાવ આર્થિક પ્રવૃત્તિ પર બહુ ઓંછો હોય. એમની પ્રવૃત્તિમાં કોઇ આંતરિક ફેરફારોની શક્યતા નહોતી. ક્ષત્રિયો યુધ્ધોલડતા હતા અને યુદ્ધ આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરે એવી ઘટના છે. આમ યુદ્ધોએ આર્થિક પ્રવૃત્તિમાં નિર્ણાયક ભાગ ભજવ્યો હશે . પરંતુ ક્ષત્રિયોને એનો સીધો લાભ ન મળ્યો, કારણ કે એ પ્રવૃત્તિનો દોર વૈશ્યોના હાથમાં હતો. ક્ષત્રિયો લડતા અને લડતાં લડતાં જનતાનુ રક્ષણ કરતા. અને વૈશ્યો પાસેથી પૈસાની મદદ લેતા. જીતતા તો રાજા બનતા અને મરતા તો સ્વર્ગે જતા! એમના સ્વાભાવિક કર્મનો આ બે સિવાય એમના માટે ત્રીજો કશો અર્થ નહોતો.જે ક્ષત્રિયોએ બ્રાહ્મણવાદ કે મનુવાદનો વિરિધ કર્યો તેવા તમામ પ્રાચિન ભારતીય ક્ષત્રિયો ને પછાત વર્ગમાં ગણના થઈ. આમ આના કારણે પ્રાચિન ક્ષત્રિયો કે જે મુળનિવાસી ક્ષત્રિઓ છે. જે હાલમાં આર્થિક , સમાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણાય છે. શાહુકારોતો ઠીક પણ પોતાના બાન્ધવો હાલમાં પોતાનાથી અલગ અલગ માને છે

**<u>ક્ષત્રિયોની સાથે અન્યાય</u>**

ભારતનો ઇતિહાસ મુખ્યત્વે શરુઆતમાં વિદેશી ઇતિહાસકારો કે જે , ભારત પર આક્રમણ કરવાવાળી જુદી જુદી જાતિઓના સમુહો હતા. અથવા તો તેમના દાસ કે ગુલામ હતા. જેઓએ ઇતિહાસ લખ્યો. આ ઇતિહાસકારોએ કેટલાક કથનનોનો આધાર બનાવી ને અથવા તો તેમાં જોડ તોડ કરીને, તેમજ આપણા ઇતિહાસકારોએ પણ વસ્તુ-સ્થિતિની ઉંડાઈમાં ગયા વગર ખાસ કરીને પ્રાચિન ક્ષત્રિયો અને મધ્યકાલિન રાજપૂતો ના વિષે જે લખ્યુ છે. તે ખરેખર ભારતના તમામ ક્ષત્રિયો સાથે અન્યાય કરતા છે. આ ઇતિહાસકારો કેજેઓ કાંતો બિન ભારતીયો હતા .કે કાંતો બીન ક્ષત્રિયો હતા. તેઓએ સમગ્ર ક્ષત્રિય જાતિને જુદા જુદા સમુહોમાં વિભાજીત કરી નાખ્યા. મોંગલ સામ્રાજ્યના સમયમાં મોગલોએ ચતુરાઇ નો ઉપયોગ કરીને સૌથી પહેલાં લડાયક અને ઝનૂની એવી ક્ષત્રિય જાતિને વટલાવવા લાગ્યા. જેમાં કેટલાય ક્ષત્રિયો એ મુસ્લીમ ધર્મ અંગીકાર કર્યો .તેમજ કેટલાકે મોગલોની તાબેદારી સ્વીકારી.અને કેટલાક ક્ષત્રિયો ખંડણીયા થઈ ગયા. આમ આ રીતે ક્ષત્રિય જાતિને અલગ થલગ પાડી દીધી. કારણ કે પરદેશી આક્રમણકારો એ વાતથી વાકેફ હતા કે , ભારતમાં જો કોઇ સૌથી વધારે લડાયક અને ઝનૂની કોમ હોયતો તે ક્ષત્રિયો કે રાજપુતો છે. જે ક્ષત્રિયો મુસ્લિમ સાશકોના પ્રસંશકો હતા તે બાકીના ક્ષત્રિયોને નીચા ગણી તેમને હડધુત કરવા લાગ્યા. અને પોતાને ઉંચા ગણવા લાગ્યા. ત્યારબાદ ભારતમાં પરદેશીઓ તરીકે ગોરા લોકો (અંગ્રેજો) એ પોતાને સત્તા જમાવવા ક્ષત્રિયો કે રાજપુત રાજાઓને પોતાના તાબે કરી ક્ષત્રિયોમાં 'ભાગલા પાડોને રાજ કરો"ની નીતિ સમગ્ર ક્ષત્રિય જાતિને વેર વિખેર કરીને ક્ષત્રિય જાતિ સામે સૌથી મોટો અન્યાય કરવામાં. અને સમગ્ર ક્ષત્રિય જાતિને અલગ અલગ નામો કે અટકોથી વિભાજીત કરી નાખ્યા. મોગલો કે અંગ્રેજોના ત્રાસથી બચવા (તેમજ પોતાના પરેવારને કે કુટુંબને ) કે બચાવા સમગ્ર મુળ નિવાસી ક્ષત્રિય જાતિએ પોતાના

નામ કે અટક બદલી નાખ્યા. અને પોતાના પ્રદેશને કાયમને માટે છોડીને સ્થાળાંતર કરી ગયા. જે લોકો પરદેશીઓ કે મોગલો કે અંગ્રેજોના વફાદાર રહ્યા તે પોતાને ઉંચા કહેવરાવે છે. જ્યારે જે ક્ષત્રિયો પોતાના સ્વમાન ખાતર પોતાની મિલ્કતો છોડીને કાયમને  માટે બીજે સ્થળે વસ્યા તે ક્ષત્રિયોને પરદેશી આક્રમણકારોના ગુલામો  નીચી જાતિના ગણવા લાગ્યા. અને આમ જે ક્ષત્રિય જાતિ જે વિસ્તારમાંથી આવી હતી તે પ્રદેશ કે સ્થળ તેમજ પોતાના વતનના નામોથી ઓળખાવા લાગી.ખાસ કરીને અંગ્રેજોએ આ કોમને જુદા જુદા નામો આપ્યા અને સ્થાનિક શાહુકારો કે ઇતિહાસકારોએ એમાં પુરોપુરો સાથ આપ્યો.   આ ક્ષત્રિય જાતિના કેટલાય લોકોએ મોગલો કે અંગ્રેજો સામે પોતાને થયેલા અન્યાય સામે યુદ્ધે ચડેલા. આમ પરદેશી આક્રમણકારોએ સમગ્ર ક્ષત્રિય જાતિને વિભાજીત કરીને ભારત ઉપર સાશન કર્યું. અત્યારે સ્વતંત્ર ભારતમાં પણ આજ સિલસિલો ચાલુ રહ્યો છે. **હાલમાં પણ સમગ્ર ક્ષત્રિય જાતિને ( ખાસ કરીને ગુજરાતમાં રાજપૂત અને ઠાકોર કે દરબાર , અલગ અલગ કરીને વિભાજીત કરવામાં આવી રહ્યા છે. હાલમાં મીડીયા પણ આ ક્ષત્રિય જાતિને વિભાજીત કરવાના પ્રયાસો કરી રહી છે. )** ઇતિહાસકારો એક માનતા નથી. કારણક એ આ લોકોને ખબર છે કે ક્ષત્રિય જાતિ એક થશે તો તેઓ પોતાની ખીચડી પકવી શકે નહી. હાલના સાશકો અંગ્રેજોની નીતિઓ મુજબ ચાલીને ક્ષત્રિયોને કાંતો ઠાકોર કે રાજપૂતોના નામના અલગ અલગ સમુહોમાં વિભાજીત કરવાની રણનીતિથી પોતાનો એક્કો જમાવી રહ્યા છે. વાસ્તવમાં ઠાકોર એ પણ ક્ષત્રિય છે. અને રાજપૂત એ પણ ક્ષત્રિય છે. ક્ષત્રિય એ ઠાકોર હોઇ શકે .ક્ષત્રિય એ રાજપૂત પણ હોઇ શેકે .પણ ક્ષત્રિય અન્ય ના હોઇ શકે. પહેલાં ઇતિહાસકારો રાજપૂતોને વિદેશીઓની ઓલાદ કહેતા હતા. ઇતિહાસકારો રાજપૂતોને ક્ષત્રિયો માનવા પણ તૈયાર નહોતા. અને અત્યારે આજ ઇતિહાસકારો ઠાકોરોને ક્ષત્રિય માનવા આનાકાની કરી રહ્યા છે. પણ હવે ઠાકોરો ઠાકોરો નહી પણ ક્ષત્રિય ઠાકોરો તરીકે આવી રહ્યા છે. આ ક્ષત્રિયોના પુર્વજો હજારો વર્ષોથી પોતાનો ઇતિહાસ સાચવીની બેઠા છે. આ ક્ષત્રિયો જમીનદારો હતા અને રહેશે. આ ક્ષત્રિયો સામંતો હતા અને રહેશે. આ ક્ષત્રિયો દરબારો હતા અને છે. આ ક્ષત્રિયો રજપુત છે અને રહેશે. આ ક્ષત્રિયો સાહસિક , લડાયક ,ઝનુની . પ્રામાણિક, મહેનતુ અને ખમીરવંન્તા અને ખાનદાની છે અને કાયમ રહેશે. હવે ક્ષત્રિયો પોતાનો ઇતિહાસ પોતે લખશે.

## ઉત્પત્તિનાં સિદ્ધાન્ત

શરૂઆતમાં જાતિપ્રથા ખુબજ પરિવર્તનક્ષમ હતી અને તે વ્યક્તિગત પ્રાથમિકતા પર આધારીત હતી. પુરાતત્વ,સાહિત્ય અને કલાને લગતા પુરાવાઓને આધારે, ઇતિહાસકારો સામાન્ય રીતે સહમત છે કે બૌદ્ધ અને જૈન મતનાં ઉદય સમય આસપાસ ભારતમાં જાતિપ્રથા વારસાગત બની. ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામી એ બે ક્ષત્રિય મહાપુરૂષોનો જગત પર ઉંડો પ્રભાવ પડેલ છે. જેઓ વેદનાં પ્રભુત્વમાં આશ્થા ધરાવતા નહીં અને લોકોને ઉપદેશ્યા કે આધ્યાત્મિકતા એ ફક્ત થોડા ચુનંદા લોકોનોજ અધિકાર નથી. ઘણા પ્રાચિન શાસકો,જેમકે અશોક મોર્ય વગેરે આ માન્યતાનાં ઉત્સાહી અનુયાયીઓ હતા અને તેમણે સમગ્ર મોર્ય સામ્રાજ્યમાં તેનો પ્રસાર કર્યો.આને કારણે બ્રાહ્મણોનાં મોભામાં થોડી ઓટ આવી. પુરોહિતો તમામ ત્રણે

માન્યતાઓનાં નોંધણીકારો હતા અને હવે પછીનાં ઉદાહરણમાં જોવા મળશે તેમ ત્યારે ચોક્કસપણે એવો રીવાજ હતો કે જે રાજા વૈદિકબોધમાં ન માનતો હોય અને પુરોહિતોનાં આદેશને મહત્વનાં ન ગણતો હોય તેમને શૂદ્રવર્ણનો ગણાવાતો, અને તે પોતાનો ક્ષત્રિય મોભો ખોઇ બેસતો.આમ આ પછાત જાતિના ક્ષત્રિયોએ આ રીતે પોતાનો મોભો ખોઇ બેઠા છે.

આમ વીતેલા જમાનાના આ યોદ્ધાઓ અને શાસકોએ પોતાનું સ્વત્વ ખોઈ દીધું હતું અને ભારતીય સમાજના નિમ્ન સ્તરે સ્થિર થયા હતા. પહેલાં એમને ક્ષત્રિય માનવામાં આવ્યા હતા, પણ શ્લોક (Manusmruti) કહે છે તે પ્રમાણે તે પછી બ્રાહ્મણોએ એમને નીચે ઉતારી મૂક્યા.

ભુતકાળમાં પુરા ભારતવર્ષમાં પોતાની સત્તાનો ડંકો વગાડનાર આ સમગ્ર ક્ષત્રિય સમાજ પોત પોતાના વાડાઓ કે ઉંચનીચના ભેદભાવ તેમજ રાજપૂત કે ઠાકોર તેમજ દરબાર કે જાગીરદાર જેવા અલગ અલગ સમુહોમાં વિભાજીત હોવાના કારણે આ વિશાળ ક્ષત્રિય સમાજ વર્તમાનમાં સત્તાથી વિમુખ છે અને સત્તા એવા લોકો ભોગવે છે કે જેમની સંખ્યા નહીવત છે. માટે ક્ષત્રિય સમાજના આ તમામ સમાજો એ ઠાકોર કે રાજપૂત તરીકે નહી પણ ક્ષત્રિય સમાજ તરીકે આ સમગ્ર જાતિ એક થાય તે આ સમગ જાતિ માટે હિતાવહ છે. મોટો ભાઈ એક જ હોય બાકીના નાના ભાઈઓની સંખ્યા વધારે હોય. તે નીતીને અનુસરીને સમગ્ર સમજે પોતાને એકતા માટે પહેલ કરવી પડશે. રાજપુતો અને ઠાકોરોના વહેવારો કે રીતરીવાજો અલગ અલગ છે. અને આ જ વહેવારો કે રીતરીવાજો આ સમગ્ર ક્ષત્રિય જાતિની એકતા માટે મોટો અવરોધ છે. પણ સમગ્ર સમાજે એ પણ નોંધવુ રહ્યુ કે બે સગા ભાઈયોના વહેવારો કે રીત રીવાજો પણ એક નથી હોતા. બે સગા ભાઈયોના દીકરાઓ પોતાને ભાઈયો નહી પણ કાકા બાપાના કહીને પરિવારને વિભાજીત કરવાની શરુઆત કરી દે છે. આમ આ સમગ્ર સમાજ વિશાળ સંખ્યામાં હોવાથી એક કરવાનું કામ અઘરુ છે ખરુ પણ અશક્ય નથી. કારણ કે આ સમગ્ર જાતિએ અન્ય જાતિઓ માટે અનેકવાર પોતાની જાતને ઘસી નાખી છે તો પોતાની સમગ્ર જાતિની એકતા માટે પણ  પોતાની જાતને દાવ પર લગાવી શકે છે. આ માટે રાજપૂતોએ રાજપૂત તરીકે નહી પણ ક્ષત્રિય તરીકે અને ઠાકોરો કે દરબારોએ ઠાકોર કે દરબાર તરીકે નહી પણ ક્ષત્રિય તરીકે બહાર આવવુ પડશે. તો જ આ સમગ્ર ક્ષત્રિય સમાજનો સામાજીક, આર્થિક અને શૈક્ષણિક રીતે વિકાસ થઈ શકશે. પોત પોતાના વહેવારો કે રીતરીવાજોના ભોગે નહી પણ તેની ધરોહરને સાચવીને ક્ષત્રિય સમાજના ઈતિહાસના અને સંસ્કૃતિના રક્ષણ હેતું સમગ્ર ક્ષત્રિય સમાજે એકી અવાજે ભેગા થઈને એકતા બનાવવાનો સમય પાકી ગયો છે. તમામ ક્ષત્રિયોએ એક થવામાં પોતાના વંશ કે જાતિ વિવાદમાં પડવું જોઇએ નહી.

ક્ષત્રિયો જાગો. અને એક બનો નેક બનો

ભવાનસિંહ ઠાકુર (ઠાકુર)